વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને ફિક્સ પગારનું ધોરણ સુધારવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૮૩૯૫૧/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧/૦૮/૨૦૧૮.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૧/૧૨/૨૦૧૬નો પત્ર નં. સસુખા/અપગ/૧૬-૧૭/૪૦૮.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૭/૦૬/૨૦૧૭નો પત્ર નં. સસુખા/અપગ/૧૭-૧૮/૨૧૨.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૪/૦૭/૨૦૧૭નો પત્ર નં. સસુખા/અપગ/૧૭-૧૮/૨૬૬.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૧૬/૧૦/૨૦૧૭નો પત્ર નં. સસુખા/અપગ/૧૭-૧૮/૩૩૪.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૭/૦૨/૨૦૧૮નો પત્ર નં. સસુખા/અપગ/૧૭-૧૮/30.

આમુખ :-

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓમાં આ વિભાગના તા.૧૧/૧૦/૧૯૯૯ના હુકમ અન્વયે નિવૃત્તિ બાદ ખાલી પડેલ જગ્યાઓ ફિક્સ પગારથી ભરવાની જોગવાઈ અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા સંસ્થામાં ખાલી પડેલ જગ્યાઓ દિનદયાળ રીહેબીલીટેશન સ્કીમના સ્ટાફ પેટર્નમાં અપનાવેલ ફિક્સ પગાર મુજબ (ભૂકંપ દરમ્યાન નવી ૧૪-સંસ્થાઓમાં દિનદયાળ રીહેબીલીટેશન સ્કીમના સ્ટાફ પેટર્નમાં અપનાવેલ તેના અનુસંધાને) મદદ શિક્ષક, ઉદ્યોગ શિક્ષક, સંગીત શિક્ષકની જગ્યા રૂ.૩૮૦૦/- ગૃહમાતા/ગૃહપતિ, રૂ.૫૩૦૦/- જુ. ક્લાર્કની રૂ.૩૫૦૦/- મુજબ વય નિવૃત્તિ, અવસાન કે સ્વૈચ્છિક નિવૃત્તિથી ખાલી પડેલ જગ્યા ૧૧ માસના કરાર આધારિત ભરવાની મંજુરી આપવામાં આવેલ. આ કર્મચારીઓને ફિક્સ પગારનું ધોરણ સુધારવાની મંજુરી આપવા બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંકઃ- (૧) થી (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) થી (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓમાં ૧૧ માસના કરારના ધોરણે નીચે દર્શાવેલ ટેબલના કોલમ-૪માં દર્શાવ્યા મુજબના ફીક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને કોલમ નં(૨) મુજબના સંવર્ગના કર્મચારીઓની કોલમ નં(૩) મુજબની સંખ્યા પૈકી જે જગ્યાઓ હાલની સ્થિતિમાં ભરાયેલ છે, તે જગ્યાઓ માટે જ કોલમ નં(૫)માં દર્શાવ્યા મુજબ માસિક ફિક્સ પગાર આથી મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | સંખ્યા | હાલનું વેતન | મંજુર કરાયેલ માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | મદદનીશ શિક્ષક | ૭૭ | ૩૮૦૦/- | રૂ.૨૦,૦૦૦/- |
| ૨. | ઉદ્યોગ શિક્ષક | ૧૫ | ૩૮૦૦/- | રૂ.૨૦,૦૦૦/- |
| ૩. | સંગીત શિક્ષક | ૦૩ | ૩૮૦૦/- | રૂ.૧૫,૦૦૦/- |
| ૪. | ગૃહમાતા/ ગૃહપતિ | ૧૬ | ૫૩૦૦/- | રૂ.૧૫,૦૦૦/- |
| ૫. | જુનિયર ક્લાર્ક | ૦૪ | ૩૮૦૦/- | રૂ.૧૫,૦૦૦/- |
| | કુલ - | ૧૧૫ | | |

આ મંજુરી ઉપર મુજબની કુલ ૧૧૫ જગ્યા પેકી જે જગ્યાઓ ખાલી હશે તે ભરવા અંગે નાણા વિભાગ/સરકારશ્રી કક્ષાએથી જરૂરી મંજુરી મેળવ્યા પછી જ કાર્યવાહી કરવાની શરતે આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.